પત્રિકા
૧૬૫

# ચિરાગે હિદાયત

૨૯/૦૬/૧૮
૧૪ શવ્વાલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૪ શવ્વાલ – શક્કુલ કમરનો બનાવ – હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ચાંદના બે ટૂકડા કર્યા.
૧૫ શવ્વાલ – જનાબે હમ્ઝા(ર.અ.)ની શહાદત

## ખિલ્કતનો મકસદ

કુરઆને મજીદમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે **''બરકતવાળો છે તે અલ્લાહ કે જેના હાથમાં સમગ્ર જગતની બાદશાહત છે અને તે દરેક ચીઝ ઉપર કુદરત ધરાવે છે. જેણે જીવન અને મૃત્યુને એટલા માટે પૈદા કર્યા છે કે તમારી પરિક્ષા લે કે તમારામાંથી કોના આમાલ સારા છે.''** *(સૂરએ મુલ્ક, આ. ૧, ૨)*

આ આયત ઝિંદગી અને મૃત્યુ કે જે અલ્લાહની ખીલ્કત છે. તેનો મકસદ બતાવે છે અને જેવી રીતે ઝિંદગી છે એવી જ રીતે મૃત્યુ પણ છે. તેથી જ મૌલા અલી(અ.સ.) ફરમાવે છે: **''અય અલ્લાહના બંદાઓ! અલ્લાહથી ડરો અને મૃત્યુ આવવા પહેલા પોતાના આમાલનો સામાન તૈયાર કરી લો અને દુનિયાની નાશવંત વસ્તુઓ આપી બાકી રહેવાવાળી વસ્તુઓ ખરીદી લો અને મૃત્યુ માટે તૈયાર થઈ જાઓ કે તે તમારા માથાઓ ઉપર ફરી રહ્યું છે. દરેક જીવને મૃત્યુ આવનાર છે તે હક છે અને યકીની છે.''**

**''અને મૃત્યુની બેહોશી હકની સાથે આવી પહોંચી આ તે જ તો છે જેનાથી તમે દૂર ભાગતા હતા.''** *(સૂરએ કાફ, આયત નં. ૧૯)*

જયારે ઈન્સાનનું મૃત્યુ થવાનું હોય છે તો આ તબકકો તેના માટે ઘણો જ મુશ્કિલ હોય છે. જેમાં દરેક બાજુથી સખ્તીઓ મરનારની તરફ આગળ વધે છે. એક બાજુ બિમારી અને અસહ્ય પીડા, ઝબાનનું બંધ થઈ જવું, શરીરના અંગોની નબળાઈ અને બીજી તરફ કુટુંબના સભ્યોની ચીખો અને રોકકળ, તેમનાથી

જુદાઈ, બાળકોની લાચારી અને યતીમીનો ગમ અને તે ઉપરાંત દૌલત, મકાનો, જમીન, મિલકત અને મનગમતી વસ્તુઓથી જુદા થવાનો ગમ. જેને મેળવવા માટે ઘણા બધા દુ:ખોનો, તકલીફોનો સામનો કરેલ તેમજ પોતાની કિંમતી ઝિંદગીને તેની પાછળ ખર્ચી નાખેલ.

## * *હઝરત રસૂલેખુદા (સ.અ.વ.) ની લાભદાયક નસીહત:*

કૈસ બિન આસીમ મુન્કરી એક જમાઅતની સાથે હઝરત રસૂલે અકરમ(સ.અ.વ.) પાસે પહોંચ્યો અને આપ(સ.અ.વ.)ને લાભદાયક નસીહતની વિનંતી કરી. આપ(સ.અ.વ.)એ તેને નસીહત કરતા ફરમાવ્યું **''અય કૈસ! જયારે તું દફન થઈશ ત્યારે તારી સાથે એક સાથી જરૂર હશે. જે જીવતો અને તું મુર્દા હોઈશ. જો તે સન્માન સાથે હશે. તો તું પણ સન્માન મેળવીશ અને જો તે અપમાનીત થયો તો તું પણ કમનસીબ હોઈશ. તું તેની સાથે હોઈશ ત્યાં સુધી કે તને તેની સાથે ઉઠાડવામાં આવશે અને તેનાથી જ સવાલ કરવામાં આવશે. તે સાથીને નેક બનાવ કારણ કે જો તું નેક હોઈશ તો તું તેની સાથે પ્રેમ અને મોહબ્બત કરીશ અને જો ખરાબ થયો તો તું તેનાથી ડરતો રહીશ અને તે સાથી તારા આમાલ હશે.''**

અઝીઝો! રિવાયતોથી જાણવા મળે છે કે દરેક માણસના બે આમાલનામા હોય છે. ૧) જેમાં નેકીઓ લખવામાં આવે છે અને ૨) તે જેમાં ગુનાહ લખવામાં આવે છે અને તેમાં ઈન્સાનના દરેક કામ લખવામાં આવે છે ત્યાં સુધી કે એક ફુંક પણ જે આગ સળગાવવા માટે મારવામાં આવે છે.

## * *હઝરત અલી (અ.સ.) ની નવજવાનોને નસીહત:*

શેખ સદુક(અ.ર.) નોંધ કરે છે કે એક દિવસ હઝરત અલી(અ.સ.) એક જગ્યાએથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેમની નજર થોડાં નવજવાનો ઉપર પડી જે ઠઠ્ઠા મશ્કરી કરી રહ્યા હતા. હઝરત અલી(અ.સ.)એ કહ્યું કે ''તમારા આમાલનામાને શા

માટે કાળું કરો છો?'' તેઓએ આપ(અ.સ.)ને પૂછયું કે ''શું આ બાબતો પણ લખાય છે.'' આપ(અ.સ.)એ કહ્યું **''હા, ત્યાં સુધી કે તે શ્વાસ પણ લખાય છે જે બહાર નીકળે છે અને તે કાંટાનો સવાબ પણ જે રસ્તામાંથી હટાવવામાં આવે છે. આ મામૂલી કામ પણ નકામા નથી જતા.''**

* *આમાલનામુ સોંપવાના દિવસેઃ*

દરેક લોકોના આમાલનામા જયારે તેઓને આપવામાં આવશે તે સમયે દુનિયામાં જેમ સ્કુલના બચ્ચાંઓને પરિણામ આપવામાં આવે છે તેના જેવો માહોલ હશે. જેવી રીતે સ્કુલમાં કે મદ્રેસામાં પહેલો નંબર આવે તે કેટલો ખુશ થઈ જાય છે કે પોતાના દોસ્તોને બોલાવીને કહે છે કે આવો જુઓ મારો પહેલો નંબર આવ્યો. તે જ રીતે જે દિવસે મોમીનને તેના જમણા હાથમાં આમાલનામુ દેવામાં આવશે ત્યારે તે ખુશ થઈને પોતાના દોસ્તોને બોલાવશે અને કહેશે ''આવો! મારા નામએ આમાલને વાંચો. મારા નમાઝ, રોઝા અને બીજા આમાલો કબૂલ થઈ ગયા. મારી તરફ જુઓ હું દુનિયામાં આ હિસાબના દિવસની ચિંતામાં હતો. આજે મારો હિસાબ પૂરો થઈ ગયો'' અને તે માણસ ખુશખુશહાલ બેહિશ્તમાં ઝિંદગી ગુજારશે.

પરંતુ તે ઠોઠ નિશાળીયો બાળક જે નાપાસ થાય તે ખાંચા ગલીમાં માથું જુકાવીને ખરાબ હાલતમાં પોતાના ઘર તરફ ચાલ્યો જાય છે. એવી જ હાલત ખરાબ આમાલવાળાની (ગુનેહગારોની) હશે અને વિચારતા હશે કે ''અફસોસ! મને મારૂં નામએ આમાલ આપવામાં ન આવત કે જેના કારણે મને બદનામી અને અફસોસ થાય. કારણ કે તેમાં અઝાબ અને હસરત સિવાય બીજું કાંઈ પણ નથી. કાશ કે આ મૌત હોત અને તેના પછી આ ઝિંદગી ન હોત.'' આ એ માણસો હશે જેને તેનું આમાલનામું પીઠની પાછળથી આપવામાં આવશે એવી

રીતે કે તેના જમણા હાથને તેની ગરદન સાથે બાંધી દેવામાં આવશે અને ડાબા હાથને પીઠની પાછળ કરીને તેનું આમાલનામું ડાબા હાથમાં આપવામાં આવશે અને તેને કહેવામાં આવશે કે તારા આમાલનામાને વાચ. તે કહેશે કે હું પીઠની પાછળથી કેવી રીતે વાંચી શકું છું ત્યારે તેની ગરદનને મરડી નાખવામાં આવશે અને વાંચવાનું કહેવામાં આવશે.

ત્યારે તે પોકારી ઉઠશે કે ‘‘અફસોસ અમારા ઉપર! આ કિતાબને શું થઈ ગયું છે કે તેણે કોઈ નાની મોટી ચીઝ નથી છોડી જે ગણવામાં ન આવી હોય’’ તે પોતાના દરેક અમલ પોતાની સામે હાજર થયેલ જોશે અને પરવરદિગાર કોઈના ઉપર ઝુલ્મ નથી કરતો.

* ***આમાલનામાને સુંદર વઝની બનાવા માટેનો ખૂબજ સહેલો અને અસરકારક અમલઃ***

૧) હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને તેમની આલ(અ.મુ.સ.) ઉપર સલવાત

૨) હુસ્ને ખુલ્ક – સારા અખ્લાક

૩) વિલાયતે હઝરત અલી(અ.સ.)

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું ‘‘અય લોકો ! કયામતના દિવસે હિસાબ થાય તે પહેલા તમારો હિસાબ કરી લો અને તે દિવસે જયારે તમારા આમાલનો વજન થાય તે પહેલા તમારા આમાલનો વજન કરી લો.’’

**આવો અઝીઝો! અલ્લાહ તઆલા પાસે દુઆ કરીએ કે અલ્લાહ રહેમત નાઝીલ કરે હઝરત મોહમ્મદ(સ.અ.વ.) અને આલે મોહમ્મદ(અ.મુ.સ.) ઉપર અને તેની આખરી હુજ્જતના સદકામાં આપણા સૌના આમાલનામાને જમણા હાથમાં આપે.**

**અલ્લાહુમ્મ અજ્જીલ લે વલીય્યેકલ ફરજ**

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com